| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૧૭/૦૮/૨૦૨૩ | | |
| રજીસ્ટર તારીખ: | ૧૭/૦૮/૨૦૨૩ | | |
| નિકાલ તારીખ : | ૦૭/૦૪/૨૦૨૬ | | |
| **સમય અવધિ:** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૨** | **૦૭** | **૨૧** |

**દેવભુમિ દ્વારકા જિલ્લાના મહે. પ્રિન્સીપાલ સિનીયર સિવિલ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. ખંભાળીયા.**

**રે.દિ.મુ. કેસ નં. ૧૦૭/૨૦૨૩.**

**આંક:-**

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ**
થ્રુ, નાયબ ઈજનેર શ્રી,
રૂરલ સબ ડીવીઝન,
મુ. ખંભાળીયા, જી. દેવભૂમિ દ્વારકા. **.........વાદી.**

**વિરુધ્ધ.**

**અબુબકર સુલેમાન ચંગડા,**
ઉ.વ.આ.પુખ્ત, હે. બારલો વાસ, મુ. સલાયા,
તા. ખંભાળીયા, જી. દેવભૂમિ દ્વારકા **.......પ્રતિવાદી.**

| | |
|---|---|
| **બાબત** | **લેણી રકમ રૂા.૧,૭૩,૨૧૭-૮૭ પૈસા વસુલ મળવા અંગેનો દાવો** |

| | |
|---|---|
| વાદી તરફે | વિ.વ.શ્રી કે.ડી.વડગામા |
| પ્રતિવાદી તરફે | વિ.વ.શ્રી આર.એમ. જામ |

**:-ચુકાદો:-**

(૧) આ કામના વાદી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ (પીજીવીસીએલ) એ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ અને ગુજરાત ઈલેકટ્રીસીટી ઈન્ડસ્ટ્રીઝ એકટ–૨૦૦૩ તળે કાયદાથી રચાયેલી સંસ્થા છે. જેની પેટા કચેરી દેવભુમી ધ્વારકા જિલ્લાના ખંભાળીયા તાલુકાના ખંભાળીયા મુકામે આવેલ છે. આ દાવામાં સહી, એકરાર કરનાર વાદી સંસ્થાની સદર પેટા કચેરીના નાયબ ઈજનેર અને હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટ છે અને તેના ધ્વારા વાદી કંપનીની પેટા કચેરીનું સંચાલન કરવામાં આવે છે. જેથી આ હકીકતે હાલના વાદીને દાવો લાવવા હકક, અધિકાર પ્રાપ્ત થયેલ છે. વાદી કંપની વપરાશ યુનિટ ચાર્જીસ લઈને ગ્રાહકોને વીજ પુરવઠો પુરો પાડવાનો, વહેંચવાનો અને વીજ જોડાણ આપીને વીજળી આપવાનું તેમજ વીજળી અંગેની સેવાઓ આપવાનું કામકાજ કરે છે. આ કામના પ્રતિવાદી ખંભાળીયા તાલુકાના સલાયા મુકામે રહે છે અને તેઓ વાદી કંપનીના ગ્રાહક ન હતા કે કોઈપણ જાતનું કાયદેસરનું વિજ કનેકશન ધરાવતા ન હતા. ગઈ તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ વાદી કંપનીના જવાબદાર અધિકારી–કર્મચારીઓ ધ્વારા પ્રતિવાદીના પ્રતિનીધી કુલસુમબેનની હાજરીમાં ચેકીંગ કરવામાં આવતાં પ્રતિવાદીના મકાન પાસે આવેલ વાદી કંપનીની હળવા દબાણના વિજલાઈનના પોલ પર આવેલ વિજ વાયર સાથે પ્રાઈવેટ સર્વીસ વાયરને વાદી કંપનીની રજા પરવાનગી લીધા વગર આ લાઈન સાથે જોડી તેનો બીજો છેડો પોતાના રહેણાંક મકાનમાં લઈ ગેરકાયદેસર રીતે લીધેલ વીજ જોડાણ મારફતે અલગ અલગ ઉપકરણમાં જોડી ૩,૫૭૫ વોટની વીજ ચોરી કરી રહયા હતા.જેથી પ્રતિવાદીના પ્રતિનીધીની હાજરીમાં વાદી કંપનીના અધિકારીઓ ધ્વારા સ્થળ પર જ રફ નકશા સહિતનું રોજકામ તથા સીંગઈ ફેઈઝ મીટર ચેકીંગ અહેવાલ તૈયાર કરવામાં આવેલ અને ૧૨ મીટર લંબાઈનો સર્વીસ વાયર કબજે લઈ ધોરણસરની કાર્યવાહી કરવામાં

આવેલ. પ્રતિવાદીએ કરેલ વીજ ચોરી સબંધે ધી–ઈલેકટ્રીકટ એકટ–૨૦૦૩ની કલમ–૧૩૫ તળે ગણતરીઓ કરી સપ્લીમેન્ટ્રી બીલ તૈયાર કરવામાં આવેલ જે રૂા.૧,૩૮,૫૮૨–૮૭/– પૈસા તથા કમ્પાઉન્ડીંગ ચાર્જના રૂા. ૪૦૦૦/– મળી કુલ રૂા. ૧,૪૨,૫૮૨–૮૭/– પૈસાનું બીલ પ્રતિવાદીને વાદી કંપનીએ નોટિસ સાથે તેમના સરનામે મોકલવામાં આવેલ તેમ છતાં પ્રતિવાદીએ વાદી કંપનીના વીજ ચોરીના બિલની લેણી રકમ ભરપાઈ ન કરતાં પ્રતિવાદી વિરુધ્ધ પાવર ચોરી અંગેની વીજ ફરિયાદ પણ કરવામાં આવેલી તેમ છતાં પ્રતિવાદીએ વાદી કંપનનીના વીજ ચોરીના બીલની રકમ ભરપાઈ ન કરતા તા.૦૭/૧૦/૨૦૨૨ ના રોજ લીગલ નોટિસ આપવામાં આવેલી. જે રજી.નોટિસ પ્રતિવાદીને મળી ગયેલ હોવા છતાં પ્રતિવાદીએ વાદી કંપનીની લેણી રકમ ભરપાઈ કરેલ નહી. વાદી સંસ્થા કાયદા મુજબ લેઝર (બુકસ ઓફ એકાઉન્ટ) માં વ્યવસાયનાં ક્રમમાં નિયુકત કરેલ હિસાબી કામકાજનાં નિષ્ણાંતો ધ્વારા નિયમિત રીતે લેણાનાં હિસાબો વ્યવસાયિક ક્રમમાં મેઈન્ટેઈન થતાં હિસાબી ચોપડામાં રાખે છે સદરહુ હિસાબી ચોપડામાં પ્રતિવાદી પાસેથી રૂા. ૧,૭૩,૨૧૭–૮૭ પૈસા વાદી સંસ્થાની લેણી રકમ બાકી નીકળે છે. જે વસૂલ કરવા વાદી સંસ્થા જવાબદાર તથા ફરજબધ્ધ થયેલ છે. મજકુર રકમ વસુલ કરવા માટે વાદી સંસ્થાની પ્રતિવાદીને નોટીસ પણ આપેલ છે તેમ છતાં પ્રતિવાદીએ મજકુર રકમ વાદી સંસ્થાને આજ દિવસ સુધી ચુકવેલ નથી અને બેદરકારી તેમજ ઉપેક્ષાવૃતિ દાખવેલ છે. જેથી હાલનો દાવો લાવવા ફરજ પડેલ છે. પ્રતિવાદી ઉપરોકત વિગતે દર્શાવ્યા મુજબ વિજ ચોરી કરતાં તા. ૩૧/૧૨/૨૦૨૧ નાં રોજ પકડાતાં જે વીજચોરી અંગેનું બીલ પ્રતિવાદીને આપતાં ત્યારથી તેમજ તે બીલ અંગે નોટિસ આપવા છતાં પ્રતિવાદીએ નાણાં વસૂલ આપવા કોઈ દરકાર લીધેલ નહીં. માટે આ કામના

વાદીએ હાલનો દાવો લાવી દાદ માંગેલ છે કે, આ પ્રતિવાદી પાસેથી બાકી લેણી રકમ રૂા. ૧,૭૩,૨૧૭–૮૭/– પૈસા અંકે રૂપિયા એક લાખ તોતેર હજાર બસો સતર અને સત્યાસી પૈસા પુરા પ્રતિવાદી પાસેથી વસૂલ અપાવવા. તથા આ દાવાની તા. થી મજકુર રકમ પ્રતિવાદી પાસેથી વસુલ ન થાય ત્યાં સુધી આ દાવાની રકમ ઉપર વિલંબિત (ડીલે પેમેન્ટ) ચાર્જ તરીકે વાર્ષિક ૧૮% લેખે વ્યાજ અપાવવા તથા દાવાનાં ગુણદોષ તથા પડેલ પુરાવાના આધારે તથા કાયદો શુધ્ધ ન્યાય અને ઈકવીટીનાં ધોરણે બીજી જે જે દાદો આપી કે અપાવી શકાય તે તમામ વાદીને અપાવવા તથા આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી પાાસેથી અપાવવા તથા આ દાવાનો ફેંસલો તથા હુકમનામું વાદીની તરફેણમાં તથા પ્રતિવાદી વિરુધ્ધ કરી આપવા નમ્ર અરજ છે.

(૨) પ્રતિવાદીને દાવાના સમન્સની ધોરણસર બજવણી થતા પ્રતિવાદીએ આંક–૧૦ થી વાદીની દાવા અરજીનો જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, વાદીનો દાવો ખરો કાયદેસરનો કે શુધ્ધબુધ્ધિપૂર્વકનો ન હોય જેથી રદ થવા પાત્ર છે. વાદીને પ્રતિવાદી સામે હાલના પ્રકારનો દાવો લાવવા કાયદાથી કે હકીકતે કોઈ હકક, અધિકાર કે કાયદેસર કારણ નથી અને વાદીએ જાતે ફરિયાદી, જાતે તપાસ કરનાર અને જાતે હુકમ કરનાર એમ ત્રણ કેપેસીટીમાં તેઓ વિરુધ્ધ તદન બેજવાબદાર રીતે ઉતાવળીયા પગલા લઈ અને ગેરકાયદેસર રીતે કાર્યવાહી કરેલ છે. જે હકીકત લક્ષમાં લેતાં તેઓ પ્રતિવાદી કોઈ રીતે વાદીની કહેવાતી લેણી રકમ કે તે પૈકીની કોઈપણ રકમ ભરવા જવાબદાર નથી. વાદી કંપનીના અધિકારી/કર્મચારી દ્વારા તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજની કરવામાં આવેલ કાર્યવાહી ધ્યાને લેતાં તે તારીખે તપાસણી અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે, પરંતુ સદરહું તપાસણી અહેવાલમાં કાર્યવાહી કરવામાં આવેલ છે તે જણાવેલ કે દર્શાવેલ નથી એટલુ જ નહી સદરહું કહેવાતી પાવર

ચોરી સંબંધે કોઈ ચીજ–વસ્તુ કબજે કરેલ નથી એટલું જ નહી પરંતુ કોઈ સ્વતંત્ર કે સરકારી સાહેદને આ બાબતે પૂછપરછ કરી કોઈ યોગ્ય ખરાઈ પણ કરવામાં આવેલ નથી. જેથી વાદીની કાર્યવાહી શંકાસ્પદ અને ગેરકાયદેસરની હોય તેઓ પ્રતિવાદી વાદીની માંગણી મુજબના કોઈ લેણાની રકમ કે તે પૈકીની રકમ ભરપાઈ કરવા જવાબદાર નથી. જે હકીકતે વાદીનો ખર્ચ સહિત રદ કરવા નમ્ર અરજ કરેલ છે.

(૩) આ કામે વાદી તરફે સાહેદ શ્રી શિતલકુમાર બાબુભાઈ પટેલનું સરતપાસનું સોગંદનામુ આંક–૧૨ થી રજૂ કરેલ છે. તેમાં તેઓએ દાવા મુજબની હકીકતોનો સ્વીકાર કરેલ છે જેથી તેનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

(૪) દાવામાં રજુ થયેલ નિવેદનો તથા દસ્તાવેજી આધારોના આધારે મારા પુરોગામી ન્યાયધીશશ્રીએ આંક–૧૧ થી નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે :–

## –:: મુદ્દા ::–

(૧) શું વાદી પુરવાર કરે છે કે આ કામના પ્રતિવાદીએ કોઈપણ જાતની પરવાનગી લીધા વગર અનઅધિકૃત રીતે વીજજોડાણ કરી, વીજ વપરાશ કરેલ છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે તેઓ આ કામના પ્રતિવાદી પાસેથી દાવાની લેણી રકમ પેટે રૂા.૧,૭૩,૨૧૭.૮૭/– પૈસા વસુલ મેળવવા હકકદાર છે ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે તેઓ મુદલ રકમ પર વ્યાજ મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલા દરે ?

(૪) શું વાદી માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૫) શું હુકમ અને હુકમનામું ?

(૫) દાવામાં રજુ થયેલ પુરાવાને દાવા અરજી ધ્યાને લેતા ઉપરોકત મુદ્દાઓ અંગે નીચે મુજબના તારણો આપવામાં આવેલ છે :–

(૧) હકારમાં,

(૨) હકારમાં,

(૩) અંશત: હકારમાં,

(૪) અંશત: હકારમાં,

(૫) આખરી હુકમ મુજબ.

(૬) દાવાના કામે વાદી તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે:–

## (અ) વાદી તરફે રજુ મૌખિક પુરાવા

| ક્રમ | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | વાદી તરફે સાહેદ શિતલકુમાર બાબુલાલ પટેલનું સરતપાસનું પુરાવાનું સોગંદનામું | ૧૨ |
| ૨. | વાદી તરફે સાહેદ સુભાષ રાઘવજી વડનગરાનું સરતપાસનું સોગંદનામું | ૩૭ |

## (બ) વાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવા

| ક્રમ | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | સ્થળ પરના રોજકામની ખરી નકલ | ૧૫ |
| ૨. | વીજ જોડાણ તપાસણી અહેવાલની ખરી નકલ | ૧૬ |
| ૩. | એનેક્ષર–૪ ની ખરી નકલ | ૧૭ |
| ૪. | ફોટા તથા રેશનકાર્ડની નકલ | ૧૮ |
| ૫. | માલ–સામાન જમા કરેલ અંગેનો ગેટપાસની ખરી નકલ | ૧૯ |
| ૬. | એનેક્ષર–સી (ગણતરી પત્રક) ની ખરી નકલ | ૨૦ |
| ૭. | પાવરચોરીના પુરવણી બીલ સાથે મોકલેલ પરિશિષ્ટ જી ના પત્ર/નોટિસની ખરી નકલ | ૨૧ |

| | | |
|---|---|---|
| ૮. | વીજળી અધિ.–૨૦૦૩ ની કલમ–૧૩૫ હેઠળના બીલની ખરી નકલ | ૨૨ |
| ૯. | કંમ્પાઉન્ડીંગ ચાર્જના બીલની ખરી નકલ | ૨૩ |
| ૧૦. | પ્રતિવાદી વિરુધ્ધ કરવામાં આવેલ પોલીસ ફરિયાદની ખરી નકલ | ૨૪ |
| ૧૧. | એફ.આઈ.આર | ૨૫ |
| ૧૨. | લીગલ નોટિસની સ્થળપ્રતની ખરી નકલ | ૨૬ |
| ૧૩. | એકનોલોઝમેન્ટ સ્લીપ | ૨૭ |
| ૧૪. | એરિયર્સ બ્રેકઅપ ફોર્મ | ૨૮ |
| ૧૫. | ડી.પી.સી. કેલ્કયુલેશન શીટ | ૨૯ |
| ૧૬. | દાવાનું રકમનું ગણતરીપત્રક | ૩૦ |
| ૧૭. | પ્રફોર્મા–૧૨ અસલ | ૩૧ |
| ૧૮. | દાવો દાખલ માંગેલ મંજુરી (પ્રપોઝલ) નો પત્ર | ૩૨ |
| ૧૯. | દાવો દાખલ કરવા આપેલ મંજુરી (એપ્રુવલ) | ૩૩ |
| ૨૦. | ભારતીય પુરાવા અધિ. ની કલમ–૬૫–બી મુજબનું સર્ટિફિકેટ અસલ | ૩૪ |
| ૨૧. | કલોઝીંગ પુરસીસ | ૩૮ |

(૭) દાવાના કામે પ્રતિવાદી તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છેઃ–

| ક્રમ | પુરાવાની વિગત | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | પ્રતિવાદી તરફે સાહેદ અબુબકર સુલેમાન ચંગડાનું સરતપાસનું પુરાવાનું સોગંદનામું | ૪૧ |
| ૨. | કલોઝીંગ પુરસીસ | ૪૨ |

(૮) વાદી તરફે તેમના વિ.વ.શ્રીએ તેમની દાવા અરજી, દસ્તાવેજો તથા સરતપાસના સોગંદનામા મુજબની દલીલો કરી દાવો મંજુર કરવા અરજ કરેલ છે. જયારે પ્રતિવાદી તરફે કોઈ હાજર નહી રહેતાં તા.૦૭/૦૩/૨૦૨૬ ના રોજ દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

## ::કારણો::

(૯) દાવાના કામે ઘડવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૨ એકબીજા સાથે સંકળાયેલા હોય પુનરાવર્તન ટાળવા સારૂ મુદ્દા નં. ૧ થી ૨ ના જવાબના મારા કારણો નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧ તથા ૨ સબબ :–**

(૧૦) આ કામે દાવાની હકિકત પુરવાર કરવાની પ્રાથમિક જવાબદારી વાદીની રહે છે. આ કામે વાદી તરફે પોતાની દાવાની હકિકત પુરવાર કરવા મૌખિક પુરાવો રજુ રાખવામાં આવેલ છે જેઓએ આ કામે સી. પી. સી. હુકમ : ૧૮ નિયમ : ૪ મુજબ લેખિતમાં સોગંદ પર સરતપાસનું સોગંદનામું આંક–૧૨ થી સાહેદ શિતલકુમાર બાબુલાલ પટેલનું રજુ રાખી દાવાની હકીકતને સમર્થન પુરુ પાડેલ છે. જયારે પ્રતિવાદી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, વીજ ચેકીંગની કાર્યવાહી સમયે તેઓ હાજર ન હતા અને તેમને બનાવ બાબતે કોઈ જાત માહિતી નથી. આંક–૧૫ થી ૨૦ વાળા દસ્તાવેજો તેમની હાજરીમાં તૈયાર કરવામાં આવેલ નથી. તેઓ વીજ ચોરીના બનાવના સ્થળે ગયેલ નથી. બનાવ સ્થળે પ્રતિવાદી મળી આવેલ નથી. આંક–૧૫ તથા ૧૬ માં પ્રતિવાદીની કોઈ સહી નથી. આંક–૧૮ થી રજૂ રાખેલ ફોટો તથા રેશન કાર્ડ માત્ર ઝેરોક્ષ નકલ છે. તેઓ

આંક–૧૭ જોઈને કહે છે કે તેમાં પ્રતિવાદીની સહી નથી. આંક–૨૫ અને ૨૭ વાળા બંને દસ્તાવેજો ઝેરોક્ષ નકલ છે.

(૧૧) ત્યારબાદ વાદી તરફે આંક–૩૭ થી સાહેદ સુભાષ રાઘવજી વડનગરાનાઓને તપાસેલ છે. સદર સાહેદે પણ તેમની સરતપાસમાં દાવા મુજબની હકીકત જણાવેલ છે. જયારે પ્રતિવાદી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, આંક–૧૫ વાળું પંચનામું સ્વતંત્ર સાહેદોની હાજરીમાં કરવામાં આવેલ નથી. આંક–૧૫ વાળા પંચનામામાં પ્રતિવાદી કયા નંબરના પોલ ઉપરથી વીજ ચોરી કરતા હતા તે પોલ નંબર દર્શાવેલ નથી. તેમની સરતપાસના સોગંદનામામાં પણ પ્રતિવાદી કયા નંબરના પોલ ઉપરથી વીજ ચોરી કરતા હતા તે દર્શાવેલ નથી. તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજના અમારા સ્થળ પરના રોજકામ વખતે પ્રતિવાદી જાતે હાજર મળી આવેલ નહિ. તેમના પ્રતિનિધિ હાજર હતા. સ્થળ પરનું રોજકામ કરતી વખતે તે મકાન પ્રતિવાદીનું છે તેના દસ્તાવેજોની ચકાસણી માટે રેવન્યુ રેકર્ડની માંગણી કરેલી પરંતુ તેમણે આપેલ નહિ. તેઓ સ્થળ ચકાસણી કરવા ગયા ત્યારે પ્રતિવાદી કાયદેસરનું વીજ કનેકશન ધરાવતા ન હતા. તેમણે જે પ્રતિવાદીના રેશન કાર્ડની નકલ હાલના કામે રજુ કરેલ છે તે નકલ તેમને કોણે પૂરી પાડી તેની કોઈ સહી આંક–૧૮ વાળા રેશન કાર્ડમાં લીધેલ નથી. આંક–૧૫ વાળા પંચ રોજકામમાં પ્રતિવાદી જે વાયર ધ્વારા વીજ ચોરી કરતા હતા તેવો કોઈ વાયર કબજે લીધેલાની હકીકત આ આંક–૧૫ વાળા પંચ રોજકામમાં બતાવેલ નથી. એનેક્ષર–૪ (આંક–૧૭) માં બતાવેલ છે અને આ એનેક્ષર–૪ પંચ રોજકામ સાથે સામેલ રાખેલ છે. આ એનેક્ષર–૪ (આંક–૧૭) ઓફિસમાં અસલ આપેલ છે. તેઓ સ્થળ ઉપર મારા મોબાઈલથી તે સ્થળના ફોટા લીધેલ છે તેમજ વીડીયોગ્રાફી કરેલ છે. તેમણે આ અસલ ફોટા કે વીડીયોગ્રાફી હાલના કામે રજુ

કરેલ નથી. તેઓ હાલના કામે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫ (બી)નું સર્ટિફીકેટ રજુ કરેલ નથી.

**(૧૨)** ત્યારબાદ પ્રતિવાદી તરફે આંક–૪૧ થી સાહેદ અબુબકર સુલેમાન ચંગડાનું સરતપાસનું સોગંદનામું રજુ થયેલ છે. જેમાં તેમણે દાવા અરજીના જવાબ મુજબની હકીકત દોહરાવેલ છે. જયારે વાદી તરફે કરવામાં ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, તેઓ ધોરણ ૪ સુધી ભણેલ છે. તેમને વાંચતા લખતા અને સહી કરતા આવડે છે. તેઓ સલાયામાં બારલો વાસ ભીમપાડામાં રહે છે. તેઓ ઘરમાં કુલ–૧૪ સભ્યો છે. તેમના મકાનમાં નીચેના માળે ત્રણ રૂમ અને ઉપરના માળે ચાર રૂમ છે તથા એક રસોડું છે અને રસોડાની બાજુમાં સ્ટોર રૂમ છે. દરેક રૂમમાં બાથરૂમ છે અને બે સંડાસ છે તથા તેમના ઘરમાં ડેલી વાળું ફળીયું છે. તેઓ પતી પત્ની તથા ત્રણ પુત્ર અને તેમના પત્ની અને બાળકો એમ કુલ ઘરના ૧૪ સભ્યો છીએ. તેમના દિકરાઓ ફીશીંગમાં મજુરીકામ કરે છે. તેઓ પણ ફીશીંગમાં મજુરી કામ કરે છે. તેમના પત્નીનું નામ કુલસુમ છે. તેમના ઘરના તમામ સભ્યો પાસે મોબાઈલ ફોન છે. આ મોબાઈલ ચાર્જીંગ તેઓ ઘરમાં કરે છે. તેમના ઘરમાં લાઈટ કનેકશન છે. તેમના ઘરમાં તેમના પિતાના નામનું લાઈટ કનેકશન છે. તેમના પિતાજી અવસાન પામેલ છે. તેમના પિતાના નામનું લાઈટ કનેકશન આવેલ હોય અને તેઓ બીલ ભરતા હોય તે બતાવતા દસ્તાવેજ તેમની પાસે છે. આ બીલ તેઓ કોર્ટમાં રજુ કરી શકે છે. તેમના પિતાનું નામ સુલેમાન હાજી આદમ કુંગડા છે. તેઓ પણ તેઓ જે મકાનમાં રહે છે તે જ મકાનમાં રહેતા હતા. તેમના પિતાને અવસાન પામ્યે આશરે તેરથી ચૌદ વર્ષ થયેલ છે. તેમણે તેમના પિતાના અવસાન બાદ તેમના નામના નામનું  વીજ કનેકશન આવેલ હોય તો તે તેમના નામે કરાવવા માટે કોઈ કાર્યવાહી કરેલ નથી. તેમના ઘરે વીજ ચેકીંગ આવેલું પરંતુ તે દિવસે

તેઓ બહાર હતા. તે વખતે તેમના ઘરે તેમની પત્ની અને તેમના દિકરાઓના પત્ની હાજર હતા. આ ચેકીંગ બાબતેની બીજી કોઈ હકીકત તેમને તેમના ઘરનાએ જણાવેલ નહી. આ ચેકીંગ બાદ જી.ઈ.બી. કંપની વતી તેમને કાગળીયા મોકલેલા. તેમને નોટીસ મળેલી. તેમને આંક–૨૭ બતાવવામાં આવે છે તે જોઈ જણાવે છે કે તેમા તેમની સહી છે. તેમણે આ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. તેઓ બહાર હોય આ નોટીસનો જવાબ આપેલ નહી. તેઓ રાશન કાર્ડ ધરાવે છે. તેમને આંક–૧૮ વાળા દસ્તાવેજો પૈકી રેશનકાર્ડની કોપી બતાવવામાં આવે છે તે જોઈ જણાવે છે કે, તે તેમના રેશનકાર્ડની કોપી છે. તેમને આંક–૧૮ વાળા દસ્તાવેજો પૈકી મકાનના ફોટાની કોપી બતાવવામાં આવે છે તે જોઈ જણાવે છે કે તે તેમના મકાનના ઘરની ફોટોકોપી છે.

(૧૩) તે સંજોગોમાં વાદી તરફે રજુ મૌખિક પુરાવાની સત્યતા અને દાવાની હકિકતે બનાવ બનેલાની હકિકત શંકાસ્પદ બનેલ નથી. આ કામે વાદીનો કેસ છે કે પ્રતિવાદી વીજ કનેકશન ધરાવતા ન હોવા છતાં તેમના રહેણાંક મકાન પાસેથી પસાર થતી વાદી કંપનીની હળવા દબાણના વીજલાઈનના પોલ પર આવેલ વીજ વાયર સાથે પોતાના પ્રાઈવેટ સર્વીસ વાયરને વાદી કંપનીની રજા પરવાનગી લીધા વગર આ લાઈન સાથે જોડી તેનો બીજો છેડો પોતાના રહેણાંક મકાનમાં લઈ ગેરકાયદેસર રીતે લીધેલ વીજ જોડાણ મારફતે વિવિધ ઉપકરણો મારફતે કુલ ૩,૫૭૫/– વોટની ડાયરેકટ વીજ ચોરી કરતા માલુમ પડેલ તેમ કરીને પ્રતિવાદ ધ્વારા વીજ ચોરી કરતા પકડાયેલ છે અને ચેકીંગ દરમ્યાન સ્થળ પર પ્રતિવાદીના પ્રતિનીધી કુલસુમબેન મળી આવેલ. વધુમાં વાદી તરફે સાહેદના પુરાવાથી રજુ દસ્તાવેજોને સમર્થન મળેલ છે. વાદી તરફે આંક–૧૫ થી રફ નકશા સાથેના રોજકામની ખરી નકલ, આંક–૧૬ થી વીજ જોડાણ તપાસણી અહેવાલ, આંક–૧૭ થી એનેક્ષર–૪, આંક–૧૮ થી

પ્રતિવાદીના ઘરના ફોટાની તથા રેશનકાર્ડની નકલ, આંક–૧૯ થી માલ–સામાન જમા ગેટપાસ, આંક–૨૦ થી એનેક્ષર–સી, આંક–૨૧ થી પુરવણી બીલ પત્ર, આંક– ૨૨ થી વીજળી અધિનિયમ–૨૦૦૩ ની કલમ–૧૩૫ હેઠળનું બીલની ખરી નકલ, આંક–૨૩ થી કમ્પાઉન્ડીંગ ચાર્જના બીલની ખરી નકલ, આંક–૨૪ થી ફરિયાદ, આંક–૨૫ થી એફ.આઈ.આર, આંક–૨૮થી એરિયર્સ બ્રેકઅપ ફોર્મ, આંક–૨૯ થી ડી.પી.સી કેલ્કયુલેશન શીટ, આંક–૩૦ થી દાવાની રકમની ગણતરી પત્રક, આંક–૩૧ થી પ્રફોર્મા–૧૨, આંક–૩૨ થી દાવો દાખલ કરવાની પરવાનગી પત્ર, આંક–૩૩ થી દાવો દાખલ કરવા મંજુરી આપેલ પત્ર, આંક–૩૪ થી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબનું સર્ટીફિકેટ વિગેરે દસ્તાવેજો રજૂ થયેલ છે. આ દસ્તાવેજો વંચાણે લેતા તેમા પ્રતિવાદીનું નામ સરનામું બતાવેલ છે અને આ દસ્તાવેજોમા પ્રતિવાદીએ અનધિકૃત રીતે વીજ વપરાશ કરતા પકડાયેલ છે અને સામાન કબજે કરવામા આવેલ છે અને આ કાર્યવાહી પ્રતિવાદીની પ્રતિનીધીની હાજરીમા કરાવામા આવેલ છે. આંક–૧૮ થી રજુ થયેલ રેશનકાર્ડની નકલને પ્રતિવાદીએ તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ છે અને ચેકીંગ આવેલાની હકીકત પણ સ્વીકારેલ છે.આમ, મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા પ્રતિવાદી અનઅધિકૃત રીતે વીજ વપરાશ કરતા પકડાયેલ છે અને તે વીજ વપરાશની લેણી નીકળતી રકમની માગણી માટે પ્રતિવાદીની આંક–૨૬ થી કાયદેસરની નોટિસ મોકલવામા આવેલ છે અને આંક–૨૭ થી નોટિસ મળી ગયા અંગેની એકનોલોઝમેન્ટ સ્લીપ રજુ કરેલ છે તેમ છતાં પ્રતિવાદીએ વાદીનું અનઅધિકૃત વીજ વપરાશ બીલ ચૂકવી આપેલ ન હોવાનું પુરવાર થાય છે. જયારે પ્રતિવાદી તરફે આંક–૪૧ થી પ્રતિવાદી અબુબકર સુલેમાન ચંગડાનું સરતપાસનું સોગંદનામું રજુ થયેલ છે. જેમાં તેમણે તેમના

પિતાને નામે લાઈટ કનેકશન હોવાનું જણાવેલ છે. પરંતુ આ લાઈટ કનેકશન બાબતે પ્રતિવાદી તરફે કોઈ દસ્તાવેજી આધાર–પુરાવો રજુ કરેલ નથી. જેથી પ્રતિવાદીની આ રજુઆત ગ્રાહય રાખી શકાય નહી. આમ વાદી મુદ્દા નં. ૧ થી ૨ સાબિત કરવામાં સફળ રહેલ હોય**, જેથી મુદ્દા નં.૧ થી ૨ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.**

**<u>મુદ્દા નં.૩ સબબ :–</u>**

**(૧૨)** આ કામે વાદી સંસ્થા ધ્વારા પ્રતિવાદી પાસેથી વિલંબીત ચાર્જ તથા ૧૮ ટકાના દરે વ્યાજની માંગણી કરવામાં આવેલ છે. વધુમાં વ્યાજના દર બાબત કોઈ કરાર પણ થયેલ નથી તે સંજોગોમાં વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી વ્યાજ મેળવવા હકકદાર ઠરી શકે. અને તે સંજોગોમાં વાદી સંસ્થાને લેણી રકમ પર વ્યાજ સબબ હકકદાર ઠરાવવા ન્યાયોચીત જણાય છે. આ કામે જયારે પક્ષકારો વચ્ચે વ્યાજ સબબ કોઈ કરાર કે સમજુતી થયેલ ન હોય ત્યારે વાદી સંસ્થા સી.પી.સી. કલમ : ૩૪ અન્વયે વ્યાજ મેળવવા હકકદાર ઠરી શકે અને પ્રવર્તમાન વ્યાજના દરને કેસની હકિકત સાથે ધ્યાને લેતા વાદી સંસ્થા ધ્વારા માંગવામાં આવેલ ૧૮ ટકાના દરે વ્યાજ અતિશયોકિતભર્યુ જણાય છે અને તે સંજોગોમાં પ્રવર્તમાન વ્યાજના દરે હુકમ કરવો, ન્યાયિક નિર્ણય કરવો ન્યાયિક ગણી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી દાવાાની તારીખથી વીજ ચોરીની રકમ પર ૬ ટકાના દરે વ્યાજ મેળવવા હકકદાર જણાય છે. અને તે સંજોગોમાં **મુદ્દા નંબર : ૩ નો જવાબ અંશત:હકારમાં ઠરાવી વાદી દાવાની તારીખથી વાર્ષિક ૬ ટકાના દરે વ્યાજ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.**

**(૧૩)** આ કામે વાદી તરફે વીજ ચોરીનુ બીલ તથા અન્ય દસ્તાવેજી પુરાવાથી વાદી સંસ્થાને પ્રતિવાદી પાસે લેણુ હોવાનું ફલિત થાય છે જે સંજોગોમાં

વાદી સંસ્થા પ્રતિવાદી પાસે સપ્લીમેન્ટરી બીલ મુજબની રકમ મેળવવા હકકદાર હોવાનું સ્પષ્ટપણે ફલિત થાય છે. તેમજ વાદી સંસ્થા ધ્વારા લેણી રકમ પર ૧૮ ટકા વ્યાજ સહિત હાલનો દાવો દાખલ કરેલ હોય અને વાદી ૧૮ ટકા લેખે વ્યાજ મેળવવા હકકદાર જણાયેલ ન હોય, તે સંજોગોમાં વાદી દાવામાં માંગ્યા મુજબની વીજ ચોરીની રકમ ૬ ટકાના દરે વ્યાજ સહિત મેળવવા હકકદાર હોવાનુ સાબિત કરવામાં અંશત: સફળ રહેલ હોય **મુદ્દા નંબર : ૪ નો જવાબ અંશત:હકારમાં ઠરાવી મુદ્દા નં.૫ સબબ નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે:-**

## -:: આખરી હુકમ ::-

(૧) આથી વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આથી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી વીજ ચોરીની રકમ રૂા.૧,૭૩,૨૧૭-૮૭/- પૈસા વાર્ષિક ૬ ટકાના દરે સાદા વ્યાજે દાવાની તારીખથી વસુલ ન થાય ત્યાં સુધી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) પ્રતિવાદીએ વાદી સંસ્થાને ઉપરોકત હકિકતે લેણી રકમ ચુકવી આપવી.

(૪) પ્રતિવાદીએ પોતાનો તથા વાદી સંસ્થાના દાવાનો ખર્ચ ભોગવવો.

(૫) હુકમ મુજબ હુકમનામું દોરવું.

**હુકમ આજરોજ તારીખ-૦૭મી, માહે-એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી તથા કોર્ટનો સિકકો કરી જાહેર કર્યો.**

**ખંભાળીયા**
**તા. ૦૭/૦૪/૨૦૨૬**

**(જનકકુમાર દેવજીભાઈ સોલંકી)**
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,**
**દેવભૂમિ દ્વારકા મુ. ખંભાળીયા**
**કોડ નં. GJ00979**